નં.ડીએમ/લો.સ.ચટણ/૧૩/૨૦૨૪
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, જામનગર
તા. ૨૫/૦૩/૨૦૨૪

## ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૭(૧)(છ) હેઠળનું જાહેરનામું

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ સંદર્ભે ભારતના નિર્વાચન આયોગ દ્વારા રાજકીય પક્ષો અને ઉમેદવારો માટે બહાર પાડવામાં આવેલ આદર્શ આચારસંહિતા મુજબ કોઇ રાજકીય પક્ષો અથવા ઉમેદવાર પોતાના કાર્યકરને ધ્વજદંડ ઉભા કરવા, બેનરો લટકાવવા, નોટીસ ચોંટાડવા, સુત્રો વિગેરે લખવા માટે મકાન માલિકની પરવાનગી વિના જમીન, મકાન, કમ્પાઉન્ડ, દિવાલ વગેરેનો ઉપયોગ કરવો નહી અને જાહેર મિલકત ઉપર આવુ કૃત્ય કરશે નહી તેવી નીતિ નક્કી કરવામાં આવેલ છે. આથી ભારતના નિર્વાચન આયોગ દ્વારા નક્કી કરવામાં આવેલ આદર્શ **આચારસંહિતાના પાલન** માટે ઉક્ત નિર્દિષ્ટ કાર્યો કરવા પર પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાયેલ છે.

તેથી હું **ભાવેશ એન. ખેર** જી.એ.એસ., **અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જામનગર** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧)(છ) તળે મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવુ છુ કે, જામનગર જિલ્લાની હદમાં કોઇપણ વ્યક્તિએ લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અન્વયે-

(૧) કેન્દ્ર અને રાજ્ય સરકાર, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ તેમજ જાહેર સાહસોના મકાનો (કમ્પાઉન્ડની દિવાલ સહિત) વીજળી અને ટેલીફોનના થાંભલાઓ ઉપર ચૂંટણી પ્રચારના ઇરાદાથી કોઇપણ ચૂંટણી અંગેનું બેનર, ચિન્હો, આકૃતિઓ સહિત કોઇપણ સાહિત્યનું લખાણ અથવા ટેલીફોનના થાંભલાના આધારે અથવા અન્ય કોઇ પણ મકાનોના આધારે રસ્તાઓ ઉપર કોઇ બેનર, પોસ્ટર અથવા ચૂંટણી પ્રચાર સંબંધિત સાહિત્યનું પ્રદર્શન કરવું નહિ તેમજ કમાનો પણ ઉભી કરવી નહી.

(૨) ઉપરોકત પેરા-૧માં જણાવેલ મકાનો સિવાયના મકાનો ઉપર (કમ્પાઉન્ડની દિવાલ સહિત) ચૂંટણી પ્રચાર સંબંધિત કોઇપણ પોષ્ટર, લખાણ, ચિન્હ, મકાન માલિક/કબ્જેદારની પૂર્વ મંજુરી સિવાય ચોંટાડવુ, ચિતરવુ અથવા પ્રદર્શિત કરવુ નહીં.

આ જાહેરનામાના કોઇપણ ખંડનું ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ ઓછામાં ઓછા ૪ મહિનાની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા થશે અને દંડની સજાને પાત્ર પણ થશે.

આ હુકમ લોકસભા સામાન્ય ચૂંટણીની પ્રક્રિયા પુર્ણ થાય ત્યાં સુધી (તા.૦૬/૦૬/૨૦૨૪ સુધી) અમલમાં રહેશે.

આ હુકમની જાહેરાત જામનગર જિલ્લાની હદમાં જાહેર જનતાને જાણ થાય તે રીતે સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોડીને તેમજ વર્તમાન પત્રો દ્વારા કરવી તથા ગુજરાત રાજ્યના અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિદ્ધિ કરવી.

આજ તા.૨૫ **માહે: માર્ચ-૨૦૨૪** ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડ્યું.

Office of the District Magistrate
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી જામનગર જિલ્લા
सत्यमेव जयते
ગુજરાત રાજ્ય
Jamnagar District

(ભાવેશ એન. ખેર)
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
જામનગર

નકલ રવાના:-

૧) જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, જામનગર

૨) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જામનગર

૩) પોલીસ અધિક્ષકશ્રી, જામનગર

....સદરહુ હુકમની તાબાના પોલીસ સ્ટેશને જાણ કરવા તથા હુકમની જાહેરાત લાઉડ સ્પીકરવાળા વાહનો દ્વારા કરાવીને જાહેર સ્થળોએ તેની નકલો ચોંટાડીને બહોળી પ્રસિધ્ધિ કરાવવી તેમજ જિલ્લાના તમામ પોલીસ સ્ટેશન અધિકારીઓને આ જાહેરનામા મુજબ સુનિશ્ચિત કરવા જરૂરી કાર્યવાહી કરવા તથા તમામ પોલીસ સ્ટેશનોની માહિતી એકત્ર કરી અહેવાલ મોકલવા સારું.

૪) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, જામનગર (શહેર/ગ્રામ્ય)/લાલપુર/ધ્રોલ

૫) મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, ૧૨-જામનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ૭૬-કાલાવડ (અ.જા) વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, ધ્રોલ

૬) મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, ૧૨-જામનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ૭૭-જામનગર (ગ્રામ્ય) વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, જામનગર (ગ્રામ્ય)

૭) મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, ૧૨-જામનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ૭૮-જામનગર ઉત્તર વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, જામનગર (શહેર)

૮) મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, ૧૨-જામનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ૭૯-જામનગર દક્ષિણ વિધાનસભા મતદાર વિભાગ અને જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, જામનગર

૯) મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, ૧૨-જામનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ૮૦-જામજોધપુર વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, લાલપુર

૧૦) વિભાગીય પોલીસ અધિકારીશ્રી, જામનગર(શહેર/ગ્રામ્ય)

૧૧) મામલતદારશ્રી, જામનગર (શહેર/ગ્રામ્ય)/કાલાવડ/લાલપુર/જોમજોધપુર/ધ્રોલ/જોડીયા

૧૨) થાણા ઈન્ચાર્જશ્રી, ..................... પો. સ્ટેશન, જિ. જામનગર (તમામ)

૧૩) નાયબ માહિતી નિયામકશ્રી, જામનગર

... સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિદ્ધિ અપાવવા વિનંતી સહ.

૧૪) મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ

... રાજ્યના અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિદ્ધિ અપાવી તેની પાંચ નકલો અત્રેને મોકલી આપવા વિનંતી સહ.

૧૫) માન્ય રાજકીય પક્ષો (મારફતે : નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, જામનગર)

નકલ સવિનય રવાના:-

૧) મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી,
ગુજરાત રાજ્ય, સામાન્ય વહીવટ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.

૨) નાયબ સચિવશ્રી,
ગૃહ વિભાગ, ગુજરાત સરકાર,
સચિવાલય, ગાંધીનગર.

૩) રજિસ્ટ્રારશ્રી, નામ. ડીસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજની કોર્ટ, જામનગર.

Office of the District Magistrate
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી જામનગર જિલ્લો
सत्यमेव जयते
ગુજરાત રાજ્ય
Jamnagar District